# ‘દેવી અન્નનું નહીં; પરંતુ પ્રાણનું ભક્ષણ કરે છે



અસામાન્ય બનવાનો ધખારો છોડો અને સામાન્ય માનવીની જેમ જીવન જીવો.

15. અભાવગ્રંથિના સ્વરૂપને સમજી લો.

આ અભાવગ્રંથિ માનવીને નડે છે, અભાવગ્રંથિ એટલે ખાલીપાની લાગણી (sense of incompleted), કાંઈક ખૂટતું હોવાની લાગણી. આ અભાવગ્રંથિનો દુન્યવી માધ્યમો દ્વારા ભરવાનો પ્રયત્ન ન કરશો.

જે અંદર છે, તેને બહારનાં માધ્યમોથી ભરી ન શકાય.

16. પ્રેમાભાસને પ્રેમ ન માનો.

17. જીવનમાં યોગાભ્યાસને સ્થાન આપો.

18. જીવનને યથાર્થ અધ્યાત્મનો પુટ આપો.

મારા વક્તવ્ય અને પ્રશ્નોત્તરીને આવી સુંદર રીતે સંક્ષેપમાં નોંધીને નોંધ મને આપવા માટે મેં તે શિક્ષકબંધુનો આભાર માન્યો.

અમે છૂટા પડવાની તૈયારીમાં હતા, બરાબર તે જ વખતે આચાર્યશ્રીએ મને બાજુમાં બોલાવીને કહ્યું,

‘રિક્યાંગ-પિયો અને કાલ્પાની વચ્ચે કોથી અર્થાત્ કોશતામ્પી નામનું એક મોટું પ્રાચીન ગામ છે. આ ગામમાં સુવાંગ ચંડિકાનું મંદિર છે.

આ વિસ્તારના અનેક ધાર્મિક પ્રસંગો-ઉત્સવો અહીં આ મંદિરના વિશાળ પ્રાંગણમાં ઊજવાય છે. આજે રાત્રે આવો જ એક પ્રસંગ છે. આપને નિમંત્રણ છે. આપ ઈચ્છો તો આવી શકો છો. કિન્નર લોકોની જીવનશૈલીનું એક મહત્ત્વપૂર્ણ પાસું આપ જોઈ શકશો, સમજી શકશો.’

**મહાભારતનું મનોરૂપ**
**ભાણદેવ**

રાત્રે નવ વાગે અમારી મંડળી રિક્યાંગ-પિયોથી નીકળી છે. રસ્તો હળવી-હળવી ચડાઈનો છે. સુંદર ચાંદની રાત્રિ છે. દેવદારનાં વિશાળ અને ભવ્ય વૃક્ષોની વચ્ચેથી અમારો રસ્તો છે. કિન્નરોની જીવનશૈલી વિશે વાતો કરતાં-કરતાં અમે આગળ વધ્યા અને આખરે મંદિરના વિશાળ પ્રાંગણમાં પહોંચ્યા.

અમે ઊંચાઈ પર છીએ, તેથી અહીંથી કિન્નોર પ્રદેશનો ઘણો વિસ્તૃત ભાગ જોઈ શકાય છે.

હિમાલયનો અતિ વિસ્તૃત વિસ્તાર, ચાંદનીમાં ચમકતાં હિમાચ્છાદિત શિખરો, ઘનઘોર જંગલો, દૂર-દૂર દેખાતાં ધોધ, ઝરણાં, નદીઓ. ધોધ જાણે કિન્નર-સંસ્કૃતિની છડી પોકારી રહ્યા છે! આટલો સુંદર પ્રદેશ; આટલા સુંદર, આટલા નેકદિલ માનવો. હા, સમજાય છે પ્રદેશ દેવભૂમિ છે અને કિન્નરો દેવો છે!

ધીમે-ધીમે હસતાં, કિલ્લોલ કરતાં કિન્નર સ્ત્રીઓ અને પુરુષોની મંડળીઓ આવી રહી છે. સુંદર રેશમી વસ્ત્રો ધારણ કર્યાં છે. આટલા ઠંડા પ્રદેશમાં ગરમ વસ્ત્રોને બદલે રેશમી વસ્ત્રો પહેર્યાં છે! આ કિન્નરો છે. રંગીલી, મોજીલી. ઉત્સવ અને ઉમંગથી છલકતી પ્રજા છે. આ વિવિધરંગી રેશમી વસ્ત્રોથી તેમનાં શરીર શોભે છે અને તેમનાં સુંદર શરીરથી આ વસ્ત્રો શોભે છે!

અહીં માનવોનાં ટોળેટોળાં આવી રહ્યાં છે. અનેકના ખભે મૃદંગ લટકે છે. અનેકના હાથમાં બ્યૂગલ, બંસી, મંજીરા, કરતાલ આદિ વિવિધ પ્રકારનાં વાજિંત્રો છે.

લગભગ સર્વ કિન્નરીઓના ગળામાં, વાળમાં, કાનમાં, હાથમાં ફૂલો બાંધેલાં છે. યુવાન અને યુવતીઓ વિના સંકોચે અન્યોન્ય મળી રહ્યાં છે. હાસ્ય, વિનોદ, કિલ્લોલ ચાલી રહ્યાં છે. વર્ષોથી જોયું છે અને જાણું છું-આ હિમાલયના માનવો વધુ નિર્દોષ, વધુ સરળ અને વધુ ધર્મપ્રિય માનવો છે.

> ‘રિક્યાંગ-પિયો અને કાલ્પાની વચ્ચે કોથી અર્થાત્ કોશતામ્પી નામનું એક મોટું પ્રાચીન ગામ છે. આ ગામમાં સુવાંગ ચંડિકાનું મંદિર છે

દેવીનાં મંદિરનું વિશાળ પ્રાંગણ માનવ મહેરામણથી છલકાઈ ગયું છે. જગદંબાના મંદિરમાં આરતી થઈ. સમૂહમાં એક કિન્નરી ગીત ગવાયું. એકીસાથે અનેક મૃદંગ પર થાપીઓ પડી અને આ નૃત્યઘેલા કિન્નરોના પગ થરકવા લાગ્યા અને પછી તો નૃત્યની રમઝટ અને ગીતોનો સાથ ચાલ્યો.

કલાકોની કલાકો પસાર થઈ રહી છે અને નૃત્ય-ગીત અવિરત ચાલુ છે. અહીં કોઈને થાક તો જાણે લાગતો નથી! કિન્નરો એટલે જાણે નૃત્ય, ગીત, વાદન અને અભિનય! મધ્ય રાત્રિ તો ક્યારની વીતી ગઈ છે. હવે તો વહેલી સવારનો સમય આવી રહ્યો છે; પરંતુ આ નૃત્ય-ગીત બંધ થવાનું નામ લેતાં નથી. મંદિરમાં કોઈક સ્વરૂપની ઉપાસના ચાલે છે; પરંતુ મંદિરમાં પ્રવેશ કરવાનો અધિકાર સૌને નથી.

હવે તો સવાર થવાની તૈયારી છે. મારા શિક્ષકમિત્રો મારી પાસે આવ્યા અને મને કહે છે.

‘હવે આપણે નીકળીએ.’

‘ઉત્સવ પૂરો થયો છે?’

‘એક કાર્યક્રમ બાકી છે.’

‘કયો કાર્યક્રમ બાકી છે?’

‘આપને તે નહીં ગમે!’

(ક્રમશઃ)

# શ્રીમદ્ ભાગવત કથા શા માટે?

દીપોત્સવના તહેવારોની શૃંખલા સામાન્ય રીતે ભાઈબીજ સુધીની મનાય છે. ગુજરાતી નવા વર્ષનો પ્રારંભ કારતક મહિનામાં થાય છે. આ કારતક માસનો મહિમા શાસ્ત્રોમાં ઋષિઓએ ખૂબ મહત્ત્વપૂર્ણ દર્શાવ્યો છે. લાભપાંચમ, જલારામ જયંતિ, દેવઉઠી એકાદશી અને પુનમની દેવદિવાળી જેવા અનેક મહત્વપૂર્ણ તહેવારો સાથેના પાવનકારી પવિત્ર કારતક માસ માટે શાસ્ત્રોક્ત કથનોનુસાર સનાતનીઓને માટે ખૂબ ફળદાયી છે. સૂર્યોદય પહેલા પરોઢે વહેલા ઉઠી સ્નાનાદી નિત્યકર્મ પછી પાઠપૂજા કરી શક્તિ અનુસાર દાન કરવાથી લક્ષ્મીજી પરિવાર પર પ્રસન્ન રહે છે. દીપદાનની મહત્ત્વતા પણ દર્શાવાઈ છે. પિતૃકાર્ય કરવું હોય તો પણ કારતક માસ ઉત્તમ છે ફકત જ્ઞાની આચાર્ય પાસે મુહર્ત અને તિથિ-સમય જોવડાવવા જરૂરી હોય છે. જોકે પિતૃઓના આત્માની શાંતિ માટે લોકો ભાગવત સપ્તાહનું આયોજન આ મહિનામાં વધુ કરતાં હોય છે. પિતૃઓની તૃપ્તિ માટે શ્રી ભાગવત સપ્તાહનું આયોજન કરવું હોય તો ભાદરવા મહિનાથી માગશર મહિના સુધીનો સમય ઉત્તમ ગણાય છે. પણ કોઈપણ સંકલ્પ કે પિતૃ-તૃપ્તિ સિવાય શ્રદ્ધાથી ભાગવત સપ્તાહનું આયોજન બારે મહિનાના કોઈપણ સમયે કરી શકાય છે.

છેલ્લા ઘણા સમયથી ઉત્તરાખંડની દેવભૂમિ હરિદ્વારમાં ભાગવત સપ્તાહના આયોજન કરવાની એક પરંપરાએ ગતિ કરી છે. ખાસ કરી પિતૃતૃપ્તિ માટે અહી ભાગવત સપ્તાહનું આયોજન કરાય છે. દેશભરમાંથી સનાતની લોકો પિતૃઓના આત્માની શાંતિ માટે ભાગવત સપ્તાહના આયોજન માટે હરિદ્વાર વધુ પસંદ કરે છે. સામાન્ય રીતે આયોજક પોતાના સગાસંબંધીઓ અને સ્નેહીમિત્રો સાથે 50થી લઈને 500 લોકો માટે રહેવા-જમવાની વ્યવસ્થા કરીને સાત દિવસની ભાગવત સપ્તાહનું આયોજન કરતા હોય છે. હરિદ્વારમાં ગંગાતટે, ગંગામૈયાના સાનિધ્યમાં ભાગવત સપ્તાહનું આયોજન ખૂબ પુણ્યકારી ગણાય છે. હરિદ્વારમાં અનેક સંપ્રદાયના ઘણાં આશ્રમો, મઠો અને ધર્મશાળાઓ છે. જ્યાં આવા આયોજન માટે રહેવા-જમવાની વ્યવસ્થા થઇ શકતી હોય છે. ગાયત્રીમંત્ર પઠન, ભાગવત સપ્તાહ, યજ્ઞાદિ જેવા કેટલાક શુભકાર્ય સુર્યાસ્ત પહેલાં જ કરવાના હોય છે. ભાગવત સપ્તાહનું આયોજન ખર્ચાળ હોય છે. આયોજકે તેના રહેણાંકથી હરિદ્વાર સુધી ભાવિકોને લાવવા લઇ જવાની વ્યવસ્થાથી સાત દિવસ રહેવા-જમવાની વ્યવસ્થા કરવાની રહેતી હોવાથી એક ખાસ બજેટ બનાવવું પડે છે. આયોજક સક્ષમ હોય તો એકલાજ આવી વ્યવસ્થા કરે છે, નહિ તો ક્યાંક 2 થી 5 અને ક્યારેક 15થી વધુ લોકો મળી આ પ્રકારની સપ્તાહનું હરિદ્વાર ખાતે આયોજન કરતા હોય છે. રાજા ભગીરથે તેમના પિતૃ સાઠ હજાર સગરપુત્રોના ઉદ્ધારાર્થે પૃથ્વી પર ગંગામૈયાનું આગમન કરાવેલું તેથી મહાપાવનકારી ગંગાજીના તટ પરના તીર્થધામોમાં પિતૃઓના સ્મરણાર્થે ભાગવત સપ્તાહના આયોજન કરાતા હોય છે. ઉત્તરાખંડના ચાર ધામ ગણાતા બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રીનું પ્રવેશદ્વાર હરિદ્વાર છે તેથી જ હરિ-હર સુધી પહોંચવાના દ્વાર સમી આ પાવન નગરીને હરિદ્વાર કહેવાય છે. વૈષ્ણવો હરિદ્વાર કહે છે તો શૈવ, શિવભક્તો હરદ્વાર કહે છે. હરિ એટલે વિષ્ણુ અને હર એટલે મહાદેવ. સમુદ્રમંથન સમયે નીકળેલ અમૃતને લઈ જતી વખતે થોડા બુંદ હરિદ્વારના હર કી પૌડી સ્થળે પડેલા એટલે આ પાવનસ્થળે ગંગાસ્નાનનું ઘણું મહત્ત્વ છે. ગયા સપ્તાહે હરિદ્વાર ખાતે મારા શ્વસુર પક્ષ દ્વારા ત્યાં ભાગવત સપ્તાહના આયોજનમાં સહભાગી થવાનો અકલ્પનીય ધર્મલાભ મળ્યો. તેમાં સૌરાષ્ટ્રના જ્ઞાની આચાર્ય અને ભાગવત કથાકાર પૂ.શ્રી રઘુપ્રસાદ જોષીની મધુર અને સરળ વાણી સાંભળવા-માણવાનો લાભ મળ્યો. જોકે આવા આયોજનોમાં સહભાગી થવું એ નસીબથી મળતો એક મોટો ધર્મલાભ છે. ભાગવત કથા એ સાંભળનાર અને સંભળાવનાર બંને માટે મુક્તિદાયિની છે. આત્માને મુક્તિનો માર્ગ બતાવનારી છે.

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**



આપણા વેદ-પુરાણ અને ધર્મશાસ્ત્રોનો ઉંડો અભ્યાસ ઋષિ-મુનિઓ સરળતાથી કરી શકે પણ ગૃહસ્થીઓ માટે કે સામાન્ય માણસો માટે મુશ્કેલ છે અને તેથી જ કળીયુગમાં સરળ મુક્તિ અને જ્ઞાન માટે નારદજીએ વેદ વ્યાસજીને પ્રાર્થના કરી તેની ફલશ્રૃતિરૂપે વ્યાસજીએ શ્રી ભાગવત પુરાણની રચના કરી. ભાગવત પુરાણમાં 12 ખંડના 335 અધ્યાયમાં અઢાર હજાર શ્લોક છે. જેમાં ભગવાન વિષ્ણુના 10 અવતાર સહિત 24 અવતારની કથા છે. એક કથા બહુું વિસ્તારથી છે પણ સંક્ષિપ્તમાં જોઈએ તો પરિક્ષિત રાજાને શમિક ઋષિના પુત્ર શૃંગી ઋષિનો શ્રાપ હતો કે સાતમાં દિવસે તક્ષક નાગ દ્વારા તેનું મૃત્યુ થશે. મૃત્યુના શ્રાપનું નિવારણ અશક્ય હોય છે. તેથી શુકદેવજી મહારાજે સ્વધામગમન પછીના મોક્ષ માટે ભાગવત કથા સાંભળવાનો પરિક્ષિત રાજાને ઉપદેશ આપ્યો. ઉ.પ્ર.ના મુઝફ્ફરનગરથી માત્ર 28 કિ.મી.ના અંતરે આવેલ શ્રીતીર્થ શુકતાલ નામના સ્થળે વેદ-વ્યાસ રચિત ભાગવત પુરાણની કથા શુકદેવજી મહારાજે પરિક્ષિત સહિત અનેક ઋષિમુનિઓ અને સનકાદિક મુનિની ઉપસ્થિતિમાં સતત સાત દિવસ સંભળાવી અને સાતમે દિવસે પરિક્ષિત રાજા તક્ષકના ડંશે સ્વધામગમન કરી મોક્ષ પામી ગયા. શુકતાલ કે જે શુક-તીર્થ તરીકે પણ ઓળખાય છે. તે સ્થળે શુકદેવજી મહારાજે જે વડના વૃક્ષ બેસીને ભાગવત કથાનું શ્રવણ કરાવેલું તે વડનું વૃક્ષ સાડાપાંચ હજાર વર્ષ પછી પણ અડીખમ છે, દર્શનીય છે. રાજા પરિક્ષિતના મોક્ષ માટે સંભળાયાવેલી ભાગવત કથા સાંભળવાની પરંપરા ત્યારથી આજ પર્યંત જળવાઈ રહી છે.

સનાતન ધર્મના 18 પુરાણોઓમાં શ્રીમદ્ ભાગવત પુરાણનું સ્થાન સૌથી શ્રેષ્ઠ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવત પુરાણમાં હજુ પણ ઘણાં ભૂલ કરે છે. મતલબ તફાવત સમજવામાં ભૂલ કરે છે. ગીતાજી ઉત્કૃષ્ટ જીવન જીવવાનો અને ધર્મ-કર્મનો સંદેશ આપે છે. તો ભાગવત પુરાણમાં ભગવાનની લીલા,

> પરિક્ષિત રાજાને શ્રમિક ઋષિના પુત્ર શૃંગિઋષિનો શ્રાપ હતો કે સાતમાં દિવસે તક્ષક નાગ દ્વારા તેનું મૃત્યુ થશે. મૃત્યુના શ્રાપનું નિવારણ અશક્ય હોય છે. તેથી શુકદેવજી મહારાજે મૃત્યુ પછીના મોક્ષ માટે ભાગવત કથા સાંભળવવાનો પરિક્ષિત રાજાને ઉપાય બતાવ્યો

અવતારોની કથા સહિત જીવનમુક્તિ અને મોક્ષની વાતો, રૂપક કથા, ચરિત્ર કથા, ગીતકથા, તથા ઉપદેશ કથા જેવા વિવિધ સ્વરૂપે જીવમાત્રના ઉધ્ધારાર્થે રજૂ કરાઇ છે. કથા હંમેશા જ્ઞાની બ્રાહ્મણના મુખેથી જ સાંભળવી જોઈએ. રામચરિત માનસના પ્રથમ શ્લોકમાં જ તુલસીદાસે બ્રાહ્મણને પૃથ્વી પરના દેવતા કહ્યાં છે. ભાગવત કથા મનને ગમે એવી નહિ પણ આત્માને ગમે એવી સાંભળવી જોઈએ. દરેક માણસ આર્થિક રીતે સક્ષમ નથી હોતા કે ભાગવત સપ્તાહનું આયોજન કરી શકે પણ ધર્મશાસ્ત્રો કહે છે કે તમે ઘરમાં પણ ભાગવત પુરાણનું નિશ્ચિત સાત દિવસ પઠન કરો તો પણ તમારી ભક્તિ સ્વીકારાય છે. અને તેની ફળશ્રૃતિ સ્વરૂપનું પરિણામ પણ તમે કોઈકને કોઈક રીતે પણ અનુભવી શકો છે. પિતૃઓની મુક્તિ, પરિવારમાં શાંતિ, નોકરી-ધંધામાં વિકાસ, ઈચ્છિત કાર્યોની પૂર્તિ, કીર્તિ એ ધન પ્રાપ્તિ જેવા વિવિધ સકારાત્મક પરિણામો શ્રીમદ્ ભાગવત કથા સાંભળનાર કે પઠન કરનારને અવશ્ય પ્રાપ્ત થાય છે. સવાલ માત્ર શ્રધ્ધાનો છે.

માણસને એક ઈચ્છા તો હંમેશા રહેતી જ હોય છે કે ભાગવત સપ્તાહનું આયોજન કરે, ભાગવતની પોથી મસ્તક પર ચઢાવી આત્મકલ્યાણના હકદાર બને ત્યારે અગાઉ જણાવ્યું છે તેમ 2-5 કે 15-20 લોકો મળીને પણ આ પુણ્યકાર્ય કરી શકે છે. એ પણ શક્ય ના હોય તો ક્યાંય પણ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન હોય ત્યાં સાત દિવસનો સમય કાઢી એકાગ્રતાથી કથા શ્રવણ અવશ્ય કરવું જોઈએ અને એ પછીના જીવન પરિવર્તનને તમે અનુભવશો. જો હરિદ્વાર ખાતે ગંગાતટના કોઈ આશ્રમોમાં આવા ભાગવત કથાના આયોજન થયા હોય અને કથા શ્રવણ માટે તમને જો જવાની તક મળે તો તેનું અનેકગણું ફળ મળતું હોય છે તો એવી તકનો લાભ લેવો જોઈએ. અહીં ભાગવત કથા સાથે રાજા પરિક્ષિતની કથા, ગંગા અવતરણ અને તેના માહત્મ્યની લાંબી કથાઓ જોડાયેલી છે પણ સ્થળસંકોચને કારણે ફરી ક્યારેક.. અસ્તુ



|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૩૭

# ગોકુળની પ્રથમ લીલા

શ્રીબાળકૃષ્ણને બે માતાઓનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. પહેલી તેમને જન્મ આપનારી, ઉમદા સ્વભાવવાળી માતા દેવકી અને તેમને પાલનપોષણ દ્વારા મોટા કરનાર ગ્વાલણ માતા યશોદા. તે સમયમાં માત્ર ગો-પાલન અને ખેતીના વ્યવસાયથી જ લોકો ખુબ સમૃદ્ધ હતા. વ્રજ દરેક પ્રકારના વૈભવથી પ્રચુર હતું. તેમની પાસે એટલી વિપુલ માત્રામાં દૂધ અને દૂધની બનાવટો ઉપલબ્ધ હતી કે તેઓ તેનો ભરપુર ઉપયોગ કરી રહ્યા હતા. ઉપરાંત છુટા હાથે દાન પણ કરી શકતા હતા.


અગાઉ સમજ્યા તેમ મહાબલ ભટ્ટ નામનો કંસનો અનુચર કે જે કંસના ‘પ્રથમ ગુપ્તચર’તરીકે ઓળખાય છે તેણે બીડું ઝડપી ગોકુળ જવાનું નક્કી કર્યું. તે જ્યોતિષવિદ્યાનો જાણકાર હતો. આથી તેણે જ્યોતિષીનો વેષ ધારણ કર્યો અને ગોકુળમાં પ્રવેશ કર્યો. ગોકુળમાં જઈ તેણે જોયું તો નંદના ઘરે ખુબ ધામધૂમથી પુત્રના જન્મનો ઉત્સવ ચાલી રહ્યો હતો. આથી તેણે નંદની હવેલીમાં પ્રવેશ કર્યો. કોઈ બ્રાહ્મણ જ્યોતિષીને આવેલા જોઈ નંદે તેને આદર સહિત બેસવા માટે આસન આપ્યું. મહાબલ ભટ્ટે પોતાના જ્યોતિષના જ્ઞાનનો પરિચય આપતા બાળકના જન્મના સમય વિશે પૂછપરછ કરી અને પછી તેની જન્મકુંડળી તૈયાર કરી. આ જન્મકુંડળી વાંચીને તેના ભવિષ્યનું વર્ણન કરવા માંડ્યા. ઉપસ્થિત તમામ ગોકુળવાસીઓ એમનું વર્ણન સાંભળવા ઉત્સુકતાથી બેસી ગયા, કારણકે થોડીવાર પહેલા જ કુળના જોશીઓ દ્વારા જન્મકુંડળી બનાવી તેના ભવિષ્યનું વાંચન થઇ ગયું હતું, તો આ જ્યોતિષ અને અગાઉના જ્યોતિષના ફળાદેશમાં શું તફાવત છે તેની તેમને ઉત્સુકતા હતી.

બધાને સંબોધીને મહાબલ ભટ્ટે કહ્યું, ‘આ બાળકનો જન્મ મૂળ નક્ષત્રમાં થયો છે. આથી એ બધાનું નિર્મૂલન કરી નાખશે. ગોકુળને રસાતલમાં પહોચાડશે. એ તેના કુળ અને ગોત્રના લોકોની હોળી કરશે. માટે સહુનું કલ્યાણ એમાં જ છે કે એને હમણાં ને હમણાં જ જંગલમાં ફેંકી દેવામાં આવે અથવા ખાડો ખોદી તેમાં દાટી દેવામાં આવે. આ બાળક નથી પરંતુ તમારા કુળ-ગોત્રનો કાળ છે’.

જ્યોતિષ મહાબલ ભટ્ટના મુખેથી આવી અમંગળ વાણી સાંભળીને બધા ખુબ દુઃખી થઈ ગયા. અન્ય જ્યોતિષીઓ બતાવી ગયા હતા કે આ બાળક સાધારણ નથી. તે ભગવાન જેવા ગુણ ધરાવે છે. તો પછી આ બ્રાહ્મણ કેવી અમંગળ વાત કરે છે? આથી ઉપસ્થિત તમામ ગોકુળવાસીઓ એકદમ ક્રોધિત થઇ ગયા. ફક્ત મનુષ્યો જ નહિ પરંતુ અચેતન પદાર્થો પણ ક્રોધિત થઇ ગયા. તેમની અંદર રહેલા ભગવાનની અવ્યક્ત ચેતનાએ જાણે વ્યક્ત થઈને તેમને હુકમ કર્યો કે આ બ્રાહ્મણને બરાબર દંડ આપો. તરત જ છતમાં લટકાવેલી દહીંની હાંડી ધડામ કરીને મહાબલના મસ્તક પર પડી. રસોડામાંથી એક વેલણ ઉડતું આવીને એના મુખમાં ઘુસી ગયું. આખડીયો અને પત્થર પણ ઉડતા આવીને તેની છાતીને ધડાધડ પીટવા માંડયા. મહાબલ ઉઠીને ભાગવાનો પ્રયત્ન કરવા માંડ્યો તો ઓરડામાં રહેલા ખાટલાએ તેનો રસ્તો રોકી લીધો. દહીં વલોવવાનું મુસળ તેની પીઠ પર ભારે પ્રવેગથી અથડાવા માંડ્યું. જેમતેમ તે હવેલીમાંથી બહાર નીકળી મથુરાનો રસ્તો પકડવા ગયો તો લોકોએ તેનો પીછો કર્યો. દોડતા દોડતા તે હાંફી ગયો. તેના કપડા ફાટી ગયા, જનોઈ તૂટી ગઈ. તેની આવી દશા જોઈ વ્રજની સ્ત્રીઓ હસી હસીને લોટપોટ થઇ ગઈ. તેઓ કહેવા લાગી, “આ કપૂત બ્રાહ્મણ આપણા કૃષ્ણને ખરાબ બતાવી રહ્યો હતો. ચાલો સારું થયું. ભગવાનની દયાથી તેને ખુબ સરસ દક્ષિણા મળી”.

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

બીજી તરફ તે ધૂર્ત મહાબલ અર્ધનગ્ન અવસ્થામાં દોડતો-હાંફતો, પોતાનો જીવ બચાવતો બચાવતો, કંસ પાસે પહોચીને આ વૃતાંત સંભળાવા માટે જવા માંડ્યો. તે કંસને કહેવાનું મનમાં ગોઠવવા માંડ્યો કે, “મને ખાત્રી થઇ ગઈ છે કે આપનો શત્રુ ગોકુળમાં જન્મ લઈને મોટો થઇ રહ્યો છે. તે અખિલભૂમંડળમાંથી તમામ વિરોધીઓનો નાશ કરે તેવી પુરેપુરી સંભાવના દેખાઈ રહી છે. ગોકુળમાં જડ પદાર્થો સહિત જીવિત લોકોએ પણ મને જે મૂઢ માર માર્યો છે, અને તેની કુંડળી પણ મેં જોઈ છે તેનાથી મને હવે નિશ્ચય થઇ ગયો છે કે તે સામાન્ય બાળક નથી. પરંતુ સાક્ષાત વિષ્ણુએ જન્મ લીધો છે. તમારો શત્રુ દેખાવમાં તો એક નાનો બાળક જ છે પરંતુ તે કાળનો પણ કાળ હોય



> ધૂર્ત મહાબલ અર્ધનગ્ન અવસ્થામાં દોડતો-હાંફતો, પોતાનો જીવ બચાવતો બચાવતો, કંસ પાસે પહોચીને આ વૃતાંત સંભળાવા માટે જવા માંડ્યો. તે કંસને કહેવાનું મનમાં ગોઠવવા માંડ્યો કે, “મને ખાત્રી થઇ ગઈ છે કે આપનો શત્રુ ગોકુળમાં જન્મ લઈને મોટો થઇ રહ્યો છે. તે અખિલભૂમંડળમાંથી તમામ વિરોધીઓનો નાશ કરે તેવી પુરેપુરી સંભાવના દેખાઈ રહી છે

તેવી પ્રતીતિ મને થઇ ગઈ છે. મને હવે એવું લાગે છે કે આપનું મોત હવે નજીક છે.”તે આમ વિચારતો રહ્યો, પરંતુ કંસ પાસે પહોંચે તે પહેલા તેને સ્મૃતિભ્રમ થઇ ગયો અને તે આખો પ્રસંગ ભૂલી ગયો.

ગોકુળમાં બાળકૃષ્ણની આ પ્રથમ લીલા હતી અને તેનું વૃતાંત ‘નારદપુરાણ’માં આપવામાં આવ્યું છે. હવે પછીના લેખોમાં આપણે ભગવાનની અન્ય લીલાઓને સમજવા પણ પ્રયત્ન કરીશું. કારણકે ભગવાન શ્રીકૃષ્ણની દરેક લીલાઓનું ચિંતન કરવાથી જ ભક્તિરસ ઉત્પન્ન થાય છે. આ પહેલી લીલામાં એવું ચિંતન કરીએ કે હું નંદબાવાના મહેલમાં છું. યશોદાજીની ગોદમાં લાલજી વિરાજમાન છે અને મરક મરક સ્મિત કરે છે. ગાયો કુદાકૂદ કરે છે, ગોપીઓ આનંદમાં નાચે છે. બ્રહ્મમુર્હુતમાં સવારે ચાર વાગ્યે થયેલા નંદમહોત્સવને ધ્યાનમાં રાખી આપણે પણ સવારે ચાર વાગ્યે ઉઠી માનસી સેવા, ધ્યાન, જપ કરી મગ્ન બનીએ તો જ આપણું હૃદય પીગળે. જયારે લૌકિકતા ઓછી થાય અને પ્રભુની મગ્નતામાં આંખમાંથી આંસુ ટપકે ત્યારે જ મન પણ શુદ્ધ થવાની શરૂઆત થાય.

ક્રમશ..